# 4th NSA Level Meeting on Trilateral Maritime Security Cooperation

November 26, 2020

# ત્રિપક્ષિય મેરિટાઈમ સુરક્ષા સહકાર પર 4થી રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર (NSA) સ્તરની બેઠક

નવેમ્બર 26, 2020

1. શ્રીલંકાનાં સંરક્ષણ મંત્રાલયનાં સચિવ મહામહિમ મેજર જનરલ (નિવૃત્ત) કમલ ગુણરત્નેનાં આમંત્રણ પર, રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોવાલ નવેમ્બર 27-28, 2020 નાં રોજ શ્રીલંકા દ્વારા યોજવામાં આવી રહેલ ત્રિપક્ષિય મેરિટાઈમ સુરક્ષા સહકાર પરની 4થી રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર (NSA) સ્તરની બેઠકમાં ભાગ લેવા કોલંબોની મુલાકાત લેશે.

2. અગાઉની બેઠકો 2011 માં માલદિવમાં, 2013 માં શ્રીલંકામાં, અને 2014 માં ભારતમાં યોજાઈ હતી. NSA-સ્તરની ત્રિપક્ષીય બેઠકે હિન્દ મહાસાગરનાં દેશો વચ્ચે સહકાર માટે અસરકારક મંચ તરીકેની ભૂમિકા ભજવી છે. મોરેશિયસ અને સેશેલ્સ દ્વારા 3જી બેઠકમાં અતિથિ તરીકે હાજરી આપવામાં આવી હતી.

3. શ્રીલંકાનાં સંરક્ષણ સચિવ ઉપરાંત ભારત તરફથી સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોવાલ અને માલદિવનું પ્રતિનિધિત્વ કરતા રક્ષા મંત્રી મહામહિમ મારિયા દીદી પણ આ બેઠકમાં ભાગ લેશે.

4. આ બેઠક હિન્દ મહાસાગર પ્રાંતમાં મેરિટાઈમ સુરક્ષામાં સહકાર સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે તક પ્રદાન કરશે.

5. એ ત્રિપક્ષિય બેઠકનાં અવકાશમાં, રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર અન્ય ઉચ્ચ સ્તરનાં દ્વિપક્ષિય જોડાણોમાં ભાગ લે તેવું પણ અપેક્ષિત છે.

**નવી દિલ્હી**
**નવેમ્બર 26, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.